# 4

## ગાંધીનગર જીલ્લામાં ખારી નદી પુન:જીવિત કરવા બાબત

*15/4/658 શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ખારી નદીને પુન:જીવિત કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૯૫૪.૯૪ લાખ. |
| (3) ઉક્ત સ્થિતિએ આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (3) શૂન્ય. |

અગ્રતા ક્રમ: ૦૪

પ્રશ્ન : ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પર બાંધવામાં આવનાર ચેકડેમોથી કેટલા અને કયા કયા ગામોને લાભ થશે?

(લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ)

જવાબ : ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પર બાંધવામાં આવનાર ચેકડેમોથી૧૭ ગામોને લાભ થશે. જેની વિગતો આ મુજબ છે.

| ક્રમ | ચેકડેમનું નામ | લાભિત ગામોની સંખ્યા | લાભિત ગામોના નામ |
|---|---|---|---|
| ૧ | કંથારપુર ચેકડેમ | ૬ | દહેગામ તાલુકાનાં કંથારપુર, મુંધાસણા, ઉદણ, વાસણા ચૌધરી, ચેકલાપગી અને બાબરા |
| ૨ | નાના જાલુંદ્રા ચેકડેમ | ૩ | દહેગામ તાલુકાનાં નાના જાલુદ્રા, બીલામણા અનેધનિયોલ |
| ૩ | ધારીસણા ચેકડેમ | ૪ | દહેગામ તાલુકાનાં ધારીસણા, આંગન્જીના મુવાડા, હાલીસા અને પાટનાકુવા |
| ૪ | મગોડીચેકડેમ | ૪ | ગાંધીનગર તાલુકાનાં મગોડી, વડોદરા, ડભોડા અનેઇસનપુર મોટા |

અગ્રતા ક્રમ: ૦૪

પ્રશ્ન : ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પર બાંધવામાં આવનાર ક્યા ચેકડેમોથી કેટલા વિસ્તારને લાભ થશે?

બલરાજસિંહ ચૌહાણ (દહેગામ)

જવાબ : ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પર બાંધવામાં આવનાર ચેકડેમોથીઆસપાસના કુલ ૮૯ હેક્ટર વિસ્તારને લાભ મળશે. જેની વિગતો આ મુજબ છે.

| ક્રમનં | ચેકડેમનુંનામ | લાભિત વિસ્તાર (હેક્ટર) |
| --- | --- | --- |
| ૧ | કંથારપુર ચેકડેમ | ૧૭ હેક્ટર |
| ૨ | નાના જાલુંદ્રા ચેકડેમ | ૨૭ હેક્ટર |
| ૩ | ધારીસણા ચેકડેમ | ૨૭ હેક્ટર |
| ૪ | મગોડીચેકડેમ | ૧૮ હેક્ટર |

કુલ - ૮૯ હેક્ટર

અગ્રતા ક્રમ: ૦૪

પ્રશ્ન : ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પર કેટલા ખર્ચે ક્યા ચેકડેમોના બાંધકામ કરવામાં આવનાર છે?તેનાથી પાણીની સંગ્રહ શક્તિમાં કેટલો વધારો થશે?

રીટાબેન પટેલ -ગાંધીનગર

જવાબ : ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પર રૂ. ૯૫૫ લાખ ના ખર્ચે કુલ ૪(ચાર) ચેકડેમોનું બાંધકામ કરવામાં આવનારછે. તેનાથી પાણીની સંગ્રહ શક્તિમાં ૧૧ મીલીયન ઘનફૂટનો વધારો થશે. જેની વિગતો આ મુજબ છે.

| ક્રમનં | ચેકડેમનુંનામ | અંદાજીત ખર્ચ (રૂ. લાખમાં) | સંગ્રહ શક્તિ (મીલીયન ઘન ફૂટ) |
|---|---|---|---|
| ૧ | કંથારપુર ચેકડેમ | ૨૨૭ લાખ | ૨.૦૦ MCFT |
| ૨ | નાના જાલુંદ્રા ચેકડેમ | ૨૨૮ લાખ | ૩.૫૦ MCFT |
| ૩ | ધારીસણા ચેકડેમ | ૨૮૯ લાખ | ૩.૫૦ MCFT |
| ૪ | મગોડીચેકડેમ | ૨૧૧ લાખ | ૨.૫૦ MCFT |

કુલ- ૧૧ મીલીયન ઘનફૂટનો વધારો

## અમદાવાદ સિંચાઇ યોજના વર્તુળ, અમદાવાદ

## વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૬૫૮

### ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પુન:જીવીત કરવા બાબત

### માનનીય ધારાસભ્યશ્રી , શ્રીલક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ)

### પૂરક નોંધ

- ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી ખારી નદીને પુનઃજીવિત કરવા માટે ખારી નદી પર કુલ ચાર ચેકડેમ મગોડી, ધારીસણા, નાના જાલુંદ્રા અને કંથારપુર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. સદર હુ ચેકડેમ બનાવાથી અંદાજે ૧૧.૦૬ એમ.સી.એફ.ટી. પાણી સંગ્રહશક્તિમાં વધારો થશે તથા આસપાસના ૧૭ ગામોમા અંદાજે ૮૯ હેક્ટરમાં સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે.
- આ યોજના પાછળ રૂ. ૯૫૪.૯૪ લાખ ખર્ચ થાય તેમ છે. હાલમાં મગોડી અને કંથારપુર ચેકડેમોની કામગીરીના વર્કઓર્ડર આપવામાં આવેલ છે તથા ધારીસણા અને નાના જાલુંદ્રા ચેકડેમોની ટેન્ડર પ્રકિયા પ્રગતી હેઠળ છે.

| ક્રમ નં | ચેકડેમનું નામ | ગામનું નામ | અંદાજીત ખર્ચ (લાખ) | સંગ્રહ શક્તિ (એમ. સી. એફ. ટી.) | લાભિત વિસ્તાર (હેક્ટર) | લાભિત ગામોની સંખ્યા | ગામોના નામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મગોડી ચેકડેમ | મગોડી | ૨૧૦.૯૧ | ૨.૨૪૧ | ૧૮ | ૪ | ગાંધીનગર તાલુકાના મગોડી, વડોદરા, ડભોડા, ઇસનપુર મોટા |
| ૨ | ધારીસણા ચેકડેમ | ધારીસણા | ૨૮૮.૭૦ | ૩.૩૬૪ | ૨૭ | ૪ | દહેગામ તાલુકાના ધારીસણા, આંગન્જીના મુવાડા, હાલીસા અને પાટનાકુવા |
| ૩ | નાના જાલુંદ્રા ચેકડેમ | નાના જાલુંદ્રા | ૨૨૭.૮૯ | ૩.૩૦ | ૨૭ | ૩ | દહેગામ તાલુકાના નાના જાલુદ્રા, બીલામણા, ધનિયોલ |
| ૪ | કંથારપુર ચેકડેમ | કંથારપુર | ૨૨૭.૪૪ | ૨.૧૫૮ | ૧૭ | ૬ | દહેગામ તાલુકાના કંથારપુર, મુંધાસણા, ઉદણ, વાસણા ચૌધરી, ચેકલાપગી અને બાબરા |

eSign
Signed by: MAHENDRAKUMAR LAKHABHAI PATEL
Reason: eSign Document
Location: Ahmedabad
Date: 19-Jan-2024 (06:08 PM)

અધિક્ષક ઈજનેર
અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ
અમદાવાદ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫-૪-૬૫૮ અગ્રતા ક્રમ-૪

માનનીય ધારાસભ્યશ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ)

ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પુનઃજીવિત કરવા માટેનું આયોજન કરવા બાબત

## પુરક નોંધ

### ➢ *હયાત સિંચાઇ યોજનાઓ*

❖ ગાંધીનગર જીલ્લામાંથી ૨૭ કિ.મી. લંબાઇમાં પસાર થતી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ (રીચાર્જ કેનાલ) થકી માણસા તાલુકાની આસપાસના ૧૪ ગામોના ૨૯૫૦ હેક્ટર વિસ્તારને સીધો અને આડકતરી રીતે સિંચાઇનો લાભ મળી રહેલ છે.

❖ નર્મદાના પુરનું વધારાનું પાણી સુજલામ સુફલામ યોજના થકી કાર્યરત કુલ ૫ (પાંચ) ઉદ્વહન પાઈપલાઈન યોજના દ્વારા ગાંધીનગર જિલ્લાના ૮૫ ગામોના ૧૪૯ તળાવો મુખ્ય પાઇપલાઇન નેટવર્કીંગ દ્વારા જોડવામાં આવેલ છે. જે પૈકી

- જલુંન્દ્રા-માધવગઢ ઉદવહન પાઈપલાઈન યોજના દ્વારા દહેગામ તાલુકાના ૧૪ ગામોના ૨૩ તળાવો
- હાથમતી-ગુહાઇ ઉદવહન પાઇપલાઇન યોજના દ્વારા દહેગામ તાલુકાના ૦૬ ગામોના ૧૭ તળાવો
- પિયજ-ધરોઇ ઉદવહન પાઇપલાઇન યોજના દ્વારા કલોલ તાલુકાના ૧૩ ગામોના ૨૫ તળાવો તેમજ માણસા તાલુકાના ૧૨ ગામોના ૨૩ તળાવો

- પિયજ-ઉણાદ ઉદવહન પાઇપલાઇન યોજના દ્વારા કલોલ તાલુકાના ૧૩ ગામોના ૧૩ તળાવો તેમજ માણસા તાલુકાના ૧૨ ગામોના ૨૪ તળાવો
- કરણનગર-ધાંધુસણ ઉદવહન પાઇપલાઇન યોજના દ્વારા કલોલ તાલુકાનું ૧ તળાવ
- તદ્ઉપરાંત માણસા તાલુકાના ત્રિકોણીય વિસ્તારના ૧૪ ગામોના ૨૩ તળાવો પાઇપલાઇન નેટવર્કીંગ દ્વારા જોડવામાં આવેલ છે.

❖ ગાંધીનગર જિલ્લામાં સરદાર સરોવર યોજના અંતર્ગત ૪૮૦ કિ.મી. લંબાઇના નહેરોના કમાન્ડમાં સમાવિષ્ટ ૪૨ ગામોના ૧૨૬૭૯ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવામાં આવે છે.

❖ ગાંધીનગર જિલ્લામાં પસાર થતી સાબરમતી નદીના વરસાદમાં વહી જતાં પાણીને અટકાવવા માટે ૨ (બે) રીચાર્જ યોજના કાર્યરત છે. જે પૈકી લાકરોડા વીયર થકી આસપાસના ૩ ગામોના ૧૮૦૦ હેક્ટર વિસ્તાર તથા સંત સરોવર બેરેજ થકી આસપાસના ૬ ગામો તેમજ ગાંધીનગર શહેરી વિસ્તારના ૪૮૦૦ હેક્ટરને સીધો અને આડકતરી રીતે સિંચાઇનો લાભ થઇ મળે છે અને ભૂભર્ગ જળ સ્તરની સપાટીમાં વધારો થયેલ છે.

❖ રાજ્ય સરકારે મોટી નદીઓ, કોતરો વગેરેમાં ચેકડેમો બનાવવાની યોજના અમલમાં મુકેલ છે. જે અંતર્ગત રાજ્ય સિંચાઇ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૧૬ ચેકડેમો થકી આશરે ૩૮૫ હેક્ટર વિસ્તારને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સિંચાઇનો લાભ આપવામાં આવે છે.

❖ રાજ્ય સરકારશ્રી દ્વારા જળ સંચયમાં વધારો થાય તે અર્થે સુજલામ સુફલામ જળ અભિયાન વર્ષ ૨૦૧૮ થી અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩ સુધીમાં કુલ ૩૬૯ તળાવો લોકભાગીદારી થી ઉંડા ઉતારવામાં આવેલ છે જેનાથી ૨૧૭૮૦૦ લાખ ઘન ફૂટ જળ સંગ્રહ ક્ષમતામાં વધારો થયેલ છે.

## ➢ *આયોજન હેઠળની સિંચાઇ યોજનાઓ*

❖ ગાંધીનગર શહેરી વિસ્તારમાંથી પસાર થતી સાબરમતી નદીના કિનારે ગીફ્ટસીટી (ગુજરાત ઇન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સીટી) પાસે શાહપુર બ્રીજ થી પીડીપીયુ બ્રીજ સુધી રૂ. ૬૩૬૦૦.૦૦ લાખના ખર્ચે રીવરફ્રન્ટ પ્રકારનું સ્ટ્રક્ચર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે હાલમાં ટેંડર મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. આ કામગીરીથી આ વિસ્તારના ઈંફ્રાસ્ટ્રકચર, સામાજીક સુવિધાઓ, રોડ, વગેરે ક્ષેત્રનો વિકાસ થવાથી લોકોનું જીવનધોરણ સુધરશે.

❖ ગાંધીનગર જિલ્લામાં પસાર થતી સાબરમતી નદીના વરસાદમાં વહી જતાં પાણીને અટકાવવા માટે સિરીઝ ઓફ બેરેજ અંતર્ગત માણસા તાલુકના અંબોડ ગામ નજીક રૂ. ૨૨૦૦૦ લાખના ખર્ચે બેરજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનાથી આસપાસના ૮ ગામોના ૧૧ હેક્ટર વિસ્તારને સીધો અને આડકતરી રીતે સિંચાઇનો લાભ થશે.

❖ ગાંધીનગર જિલ્લામાં દેહગામ તાલુકામાંથી પસાર થતી મેશ્વો નદીને પુનઃજીવિત કરવા માટે મેશ્વો નદી પર સિરીઝ ઓફ ચેકડેમ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે કુલ ૪ (ચાર) ચેકડેમો વડોદ,

કડજોદરા, વાસણાસોગઠી અને અમરાજીના મુવાડા ગામ પાસે બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે.

- આ ચેકડેમો બનાવાથી અંદાજે ૭૧ એમ.સી.એફ.ટી. પાણી સંગ્રહશક્તિમાં વધારો થશે તથા આસપાસના ૨૬ ગામોમાં અંદાજે ૬૨૭ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે.
- આ યોજનાના બાંધકામ પાછળ અંદાજીત કુલ રૂ. ૨૯૮૦ લાખ ખર્ચ થવા પામશે.

❖ ગાંધીનગર જિલ્લામાં ખારી નદીને પુનઃજીવિત કરવા માટે ખારી નદી પર સિરીઝ ઓફ ચેકડેમ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે કુલ ૪ (ચાર) ચેકડેમો કંથારપુર, નાના જાલુંદ્રા, ધારીસણા અને મગોડી ગામ પાસે બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે.

- આ ચેકડેમો બનાવવાથી અંદાજે ૧૧.૫૦ એમ.સી.એફ.ટી. પાણી સંગ્રહશક્તિમાં વધારો થશે તથા આસપાસના ૧૭ ગામોમાં અંદાજે ૮૯ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે.
- આ યોજનાના બાંધકામ પાછળ કુલ રૂ. ૯૫૫.૦૦ લાખ ખર્ચ લાખ ખર્ચ થવા પામશે. જેની વિગતો આ મુજબ છે.

➤ કંથારપુર ચેકડેમ (તાલુકો દહેગામ) :-

- ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકામાં કંથારપુર ગામ નજીક ખારી નદીમાં ચેકડેમ બનાવવાનું આયોજન છે.
- આ કામનો અંદાજિત ખર્ચ આશરે રૂ. ૨૨૭ લાખ છે.
- આ ચેકડેમ બનવાથી અંદાજે ૨.૦૦ એમ.સી.એફ.ટી પાણી સંગ્રહ શક્તિમાં વધારો થશે
- ૧૭ હેક્ટર વિસ્તારમાં આસપાસના ૬ ગામોને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે.

- દહેગામ તાલુકાના કંથારપુર, મુંધાસણા, ઉદણ, વાસણા ચૌધરી, ચેકલાપગી અને બાબરા વિગેરે ગામોને લાભ મળશે.
- આ યોજનાનું બાંધકામ જુન-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- આ યોજના હાલમાં કામગીરી પ્રગતિ હેઠળ છે.

૧૪ ➢ <u>નાના જાલુંદ્રા ચેકડેમ (તાલુકો દહેગામ) :-</u>

- ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકામાં નાના જાલુંદ્રા ગામ નજીક ખારી નદીમાં ચેકડેમ બનાવવાનું આયોજન છે.
- આ કામનો અંદાજિત ખર્ચ આશરે રૂ. ૨૨૮ લાખ છે.
- આ ચેકડેમ બનવાથી અંદાજે ૩.૫૦ એમ.સી.એફ.ટી પાણી સંગ્રહ શક્તિમાં વધારો થશે
- ૨૭ હેક્ટર વિસ્તારમાં આસપાસના ૩ ગામોને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે.
- દહેગામ તાલુકાના નાના જાલુદ્રા, બીલામણા, ધનિયોલ વિગેરે ગામોને લાભ મળશે.
- આ યોજનાનું બાંધકામ ઓગસ્ટ-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- આ યોજના હાલમાં વર્ક ઓર્ડર પ્રક્રિયા હેઠળ છે.

૧૫ ➢ <u>ધારીસણા ચેકડેમ (તાલુકો દહેગામ) :-</u>

- ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકામાં ધારીસણા ગામ નજીક ખારી નદીમાં ચેકડેમ બનાવવાનું આયોજન છે.
- આ કામનો અંદાજિત ખર્ચ આશરે રૂ. ૨૮૯ લાખ છે.
- આ ચેકડેમ બનવાથી અંદાજે ૩.૫૦ એમ.સી.એફ.ટી પાણી સંગ્રહ શક્તિમાં વધારો થશે
- ૨૭ હેક્ટર વિસ્તારમાં આસપાસના ૪ ગામોને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે.

- દહેગામ તાલુકાના ધારીસણા, આંગન્જીના મુવાડા, હાલીસા અને પાટનાકુવા વિગેરે ગામોને લાભ મળશે.
- આ યોજનાનું બાંધકામ ઓગસ્ટ-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- આ યોજના હાલમાં ટેન્ડર મંજુરી હેઠળ છે.

➢ મગોડી ચેકડેમ (તાલુકો ગાંધીનગર) :-

- ગાંધીનગર જીલ્લાના મગોડી ગામ નજીક ખારી નદીમાં ચેકડેમ બનાવવાનું આયોજન છે.
- આ કામનો અંદાજીત ખર્ચ આશરે રૂ. ૨૧૧ લાખ છે.
- આ ચેકડેમ બનવાથી અંદાજે ૨.૫૦ એમ.સી.એફ.ટી પાણી સંગ્રહ શક્તિમાં વધારો થશે
- ૧૮ હેક્ટર વિસ્તારમાં આસપાસના ૪ ગામોને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે.
- ગાંધીનગર તાલુકાના મગોડી, વડોદરા, ડભોડા, ઇસનપુર મોટા વિગેરે ગામોને લાભ મળશે.
- આ યોજનાનું બાંધકામ જુન-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- આ યોજના હાલમાં કામગીરી પ્રગતિ હેઠળ છે.